ગાંધીનગર સમાચાર

# રેડ ક્રોસ દ્વારા થેલેસેમિયા અને બ્લડ ડોનેશન કેમ્પ





ઈન્ડિન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત સ્ટેટ બ્રાન્ચ અને ગાંધીનગર જિલ્લા શાખાના ઉપક્રમે કે બી રાવલ કૉલેજ ઑફ ફાર્મસી, શેરથા ખાતે વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૮૫ વિદ્યાર્થીઓ આ ટેસ્ટ કરાવ્યો હતો. આ જ પ્રકારના ટેસ્ટ અને રક્તદાન કેમ્પનું આયોજન રેડક્રોસ, સ્ટેટ-જિલ્લા શાખા દ્વારા આલ્ફા કૉલેજ ઓફ એન્જિનીયરિંગ એન્ડ ટેકનોલોજી, ખાત્રજ ખાતે પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ૧૮૫ વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો. રક્તદાન કેમ્પ અંતર્ગત ૮૭ બૉટલ રક્ત એકત્ર કરવામાં આવ્યુ હતું. રેડક્રોસ જિલ્લા શાખા દ્વારા વિદ્યાર્થીઓને થેલેસેમિયા અવેરનેસ હેતુ ફિલ્મ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમો માટે ડૉ. હિરલબન પંચાલ, ડૉ. માસુમ ચૌધરી, રમણીકભાઈ પટેલ, અશ્વિનભાઈ દવે, જીલુભા ધાધલે જહેમત ઉઠાવી હતી.

## જન્મદિને વધામણી



શ્રદ્ધા એન પટેલ
(આશાપુરા ગ્રૂપ)
મો. ૯૬૨૪૧ ૨૯૨૪૧



અશેષકુમાર જયંતિલાલ ત્રિવેદી



જયદીપભાઈ સુખડીયા



નવ્યા મુકેશકુમાર પટેલ



માલવિક મુકેશકુમાર પટેલ

# રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર ખાતે ઑફિશિયલ ક્લબ વિઝિટ યોજાઈ




ગાંધીનગર, તા. ૧૦

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર ખાતે ગવર્નર ઓફિશિઅલ ક્લબ વિઝિટ યોજાઈ જેમાં ડિસ્ટ્રીક્ટ ૩૦૫૦ ઝોન પાંચના આસિ. ગવર્નર ડો. સમીર બાબરિયા, બોર્ડ મેમ્બર્સ, રોટરી સભ્યો, રોટ્રેક્ટ્સના યુવાનો અને પરિવારજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં કરવામાં આવેલ કાર્યોની માહિતી મેળવી વિવિધ ડોક્યુમેન્ટસની ચકાસણી કરવાનો હતો, જેના ભાગરૂપે બોર્ડ મેમ્બર્સ દ્વારા તેમના કાર્યભાર પ્રમાણે પ્રોજક્ટસની ચર્ચા કરાઈ હતી. શરૂઆતમાં રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી પ્રમુખશ્રી અનંત પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને સેક્રેટરી ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન કરેલ કાર્યોનો અહેવાલ રજુ કરાયો હતો.

તમામ કામગીરી અને ફીઝીઓથેરાપી સેન્ટરની મુલાકત લઈ ડો. સમીર બાબરિયાએ રોટરી ક્લબ ઓફ ગાંધીનગરનાં કાર્યોની સરાહના કરી પ્રેરણાત્મક ઉદબોધન કર્યુ હતું. રોટરી દ્વારા ચાલતા ફીઝીઓથેરાપી સેન્ટરમાં અવિરત સેવા આપતા તમામ કર્મચારીનું સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો.નીના ગણેશન અને રોટ્રેક્ટ્સના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# સમર્પણ એજ્યુકેશન અને રિસર્ચ કેમ્પસ દ્વારા વિદ્યાર્થીઓ માટે ફ્રી ડેમો લેક્ચરનું આયોજન

## ડેમો લેક્ચર માટે આવવા-જવાની વ્યવસ્થા સ્કૂલ તરફથી અને વિદ્યાર્થીઓને સ્કૂલ કિટ પણ ભેટ આપવામાં આવે છે

ગાંધીનગર, તા. ૧૦

ધોરણ-૮થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે બધા જ વિષયોના ડેમો લેક્ચરનો પ્રારંભ સમર્પણ સ્કૂલ દ્વારા કરવામાં આવ્યો છે. ડેમો લેક્ચર માટે આવવા-જવાની વ્યવસ્થા સ્કૂલ તરફથી કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓને સ્કૂલ કિટ પણ ભેટ આપવામાં આવે છે.

સમર્પણ પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે બાળકોના ઉજ્જવળ ભવિષ્ટ માટે કેમ્પસની મુલાકાત એકવાર લેવા જેવી છે. અદ્યતન સગવડો, લાઈબ્રેરી સહિતનું એ કેમ્પસ ૨૫ એકરમાં સમાયેલું છે.

આ વખતે અહીં બાળકો માટે તા. ૧૯ એપ્રિલથી ૨૮ એપ્રિલ દરમિયાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં એડવેન્ચર એક્ટિવીટી, માર્શલ આર્ટ, સ્કેટિંગ, બેઝીક એડવેન્ચર, બાળકો માટે રમતો તેમજ આર્ટ વર્કશોપ, ટ્રેનીંગ અને તેનું મટીરિયલ પણ સ્કૂલ તરફથી આપવામાં આવશે. આ અંગે સમર્પણ પબ્લિક સ્કૂલ, સમર્પણ એજ્યુકેશન અને રીસર્ચ કેમ્પસ, ખ-૭, સમર્પણ સર્કલ, સેક્ટર-૨૮, ગાંધીનગરનો મો. ૯૦૮૧૨ ૬૨૨૩૩ અથવા ૯૦૮૧૨ ૭૨૨૩૩ના માધ્યમથી સંપર્ક કરવા તેમણે જણાવ્યું છે.

ધોરણ-૧થી ૧૨ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓને ફીમાં ૨૦ ટકાનું ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# ભૂમિકા પટેલ પીએચડી થયાં



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં રહેતા સુભાષભાઈ જોષીનાં સુપુત્રી અને પ્રિયાંક પટેલનાં પત્ની ભૂમિકા પટેલે શિક્ષણના '૧૨ પ્લસ વયજૂથના વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિક અભિયોગ્યતા કસોટીની રચના અને પ્રમાણીકરણ' વિષયે મહાશોધ નિબંધ તૈયાર કર્યો હતો, જેને માન્ય રાખીનો ગણપતિ યુનિવર્સિટી દ્વારા તેમનો પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

# ગુજરાત યુનિવર્સિટીમાં સર્જાયું કૌતુક ઉત્તરવહીઓ ગૂમ કરી દેવાની મજાક !

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટીમાં તાજેતરમાં લેવાયેલી વિવિધ પરીક્ષાઓની ઉત્તરવહીઓ ચકાસણીની કામગીરી હાલમાં ચાલી રહી છે. જેમાં બી.કોમ સેમેસ્ટર ૬માં ઓડિટિંગ વિષયમાં અંદાજે ૮ હજારથી વધારે ઉત્તરવહી અચાનક ગુમ થઈ જતાં ભારે હોબાળો મચી ગયો હતો. કેટલાક પ્રોફેસરોએ આ મુદ્દે રજૂઆત કરતાં કો-ઓર્ડિનેટર અને પરીક્ષા વિભાગના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. છેવટે કેટલાક પ્રોફેસરોએ જ આ ઉત્તરવહીઓ ગુમ કરી હોવાની વિગતો બહાર આવી હતી. આશ્ચર્યની વાત એ કે, આ ઘટનાના કારણે ઉત્તરવહી ચકાસણીમાં લાગવગશાહી અને ગ્રૂપ ચાલતાં હોવાનું પણ સામે આવ્યું હતું. યુનિવર્સિટીઓની પરીક્ષાઓ પૂર્ણ થાય તેની સાથે જ ઉત્તરવહી ચકાસણીની કામગીરી શરૂ થઈ જતી હોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી અમુક અધ્યાપકો ઉત્તરવહી ચકાસણી કરવા આવતાં નથી જયારે અમુક પ્રોફેસરો નિર્ધારીત મર્યાદા કરતાં અનેકગણી ઉત્તરવહીઓ ચકાસીને સિઝનમાં લાખો રૂપિયાના બિલો મૂક્તા હોય છે. સૂત્રો કહે છે તાજેતરમાં કોમર્સ સેમેસ્ટર ૬ની ઉત્તરવહી તપાસવાની કામગીરી ચાલી રહી છે. જેમાં ઓડિટિંગ અંદાજે ૨૦ હજારથી વધારે ઉત્તરવહીમાંથી ૧૨ હજાર જેટલી ઉત્તરવહીની ચકાસણી પૂર્ણ થયા બાદ અચાનક ૮ હજાર જેટલી ઉત્તરવહીઓ ગુમ થઈ ગઈ હતી. અધ્યાપકો સવારે ઉત્તરવહી ચકાસણી માટે આવ્યા ત્યારે ઉત્તરવહી કયા છે ? તેની તપાસ શરૂ કરી હતી. અચાનક સેન્ટ્રલ એસેસમેન્ટમાંથી ૮ હજારથી વધારે ઉત્તરવહીઓ ગુમ થવાની ઘટના 'ટોક ઓફ ધ ટાઉન' બને તેવી સ્થિતિ ઊભી થઈ હતી. પ્રોફેસરોએ તપાસ શરૂ કર્યા બાદ આ સળંગ ૨૪ કલાક સુધી આ ઉત્તરવહીની શોધખોળ ચાલી હતી. છેવટે ઉત્તરવહી ચકાસણીમાં કો-ઓર્ડિનેટરની કામગીરી સંભાળતાં સિનિયર પ્રોફેસર સમક્ષ વાત પહોંચી હતી. બીજા દિવસે કો-ઓર્ડિનેટર ઉપરાંત પરીક્ષા વિભાગના અધિકારીઓ પણ ઘટનાસ્થળ પર દોડી આવ્યા હતા સૌથી મહત્વની વાત એ કે આ ઘટના જાહેર થાય તો ભારે મુશ્કેલી ઊભી થશે તેમ લાગતાં અચાનક ૮ હજારથી વધારે ઉત્તરવહીઓ કેટલાક અધ્યાપકો દ્વારા જ પરત લાવવાનું શરૂ કરાયું હતું. આ ઉપરાંત ઉત્તરવહી ગુમ થવાની ઘટનાને 'મજાક'માં ખપાવી દેવામાં આવી હતી.

# પદ્મશ્રી ગણપતભાઈ પટેલનું સન્માન

ગાંધીનગર, તા. ૧૦

ભારત સરકાર દ્વારા સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રનું 'પદ્મશ્રી' સન્માન ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચીફ અને પ્રેસિડેન્ટ ગણપત પટેલને એનાયત કરાતા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત સન્માન સમારોહમાં ગુજરાત હાઈકોર્ટના એકિંટગ ચીફ જસ્ટિસ અનંત દવે અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ઉપસ્થિત રહી ગણપત પટેલનું સન્માન કર્યુ હતું.

રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગણપત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને માત્ર વર્લ્ડ ક્લાસ શિક્ષણ જ નથી પ્રાપ્ત કરાવાતું પરંતુ સંસ્કાર પણ મેળવે છે, જેની આજે તાતી જરૂર છે. શિક્ષણમંત્રીએ ગણપત પટેલના યુનિવર્સિટી માટેના મહત્વના યોગદાનને બિરદાવ્યું હતું.

ગુજરાત સરકારના એડિશનલ એડવોકેટ જનરલ પ્રકાશ જાનીએ જણાવ્યું હતું કે, ગણપત યુનિવર્સિટીને એક વિશ્વકક્ષાની યુનિવર્સિટી બનાવવાનું ગણપત પટેલનું સ્વપ્ન છે અને આપણે સૌ એમને આ માટે શુભેચ્છા પાઠવીએ. ગણપત પટેલે અમેરિકા જઈ અથાગ મહેનત કરી અને વતનની ધુળ યાદ આવતા તેમણે વિદ્યા માટે દાન આપવાનું પસંદ કર્યુ હતું. જેમાં અત્યાર સુધીમાં અમેરિકા અને ભારત બંને મળીને કુલ ઈજ ૮૦ કરોડ જેટલું માતબર દાન આપ્યું છે.

આ પ્રસંગે ગણપત પટેલે સન્માનને પોતાનું નહીં પરંતુ યુનિવર્સિટીનું સન્માન ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સમૃદ્ધ લોકોએ પોતાની સંપત્તિના માલિકની જેમ નહીં, પરંતુ મેનેજરની જેમ વર્તવું જોઈએ અને પોતાનો સમય, શકિત તેમજ નાણાંનો સમાજના વ્યાપક કલ્યાણ માટે ઉપયોગ કરવો જોઈએ. તેમણે ગણપત યુનિવર્સિટીને વર્લ્ડ ક્લાસ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી જેવી શ્રેષ્ઠ બનાવવા પોતાના સપના સંદર્ભે કહ્યું હતું કે, આ એવોર્ડ મને વધુ પુરુષાર્થ કરવાની શક્તિ આપે છે અને તમે સૌ પણ મને એ માટે આશીર્વાદ આપો તેવી અભ્યર્થના છે.

# ગાંધીજી અને ગોખલે

પહેલે જ દહાડે ગોખલે એ મને હું મહેમાન છું એવું ન ગણવા દીધું. હું તેમનો સગો નાનો ભાઈ હોઉં એમ મને રાખ્યો. મરી હાજતો બધી જાણેએ લીધી ને તેને અનુકૂળ થવાની તજવીજ કરી લીધી. સારે નસીબે મરી હાજતો થોડી હતી. બધું જાતે કરી લેવાની ટેવ મેં કેળવી હતી, તેથી મારે થોડી જ સેવા લેવી રહેતી. સ્વાવલંબનની મારી આ ટેવની, મારી તે કાળની પોષ્હાક વગેરેની સુઘડતાની, મારા ઉદમની, ને મારી નિયમિતતાની તેમના પર ઊંદી છાપ પડી, ને તેની હું અકળાઉં એટલી સ્તુતિ કરવા લાગ્યા.

તેમને મારાથી છાનું એવું કશું હોય એમ મને ન ભાસ્યું. જે કોઈ મોટા માણસો તેમને મળવા આવતા તેમની મને ઓળખાણ કરાવતા. આવી ઓળખાણોમાં મારી નજર આગળ અત્યારે સૌથી વધારે તરી આવે છે દા. પ્રફુલ્લ ચંદ્રરૉય. તેઓ ગોખલેના મકાનની પાસે જ રહેતા ને લગભગ હંમેશા આવતા એમ કહી શકાય.




'આ પ્રોફેસર રૉય, જેમને દર મસ્ આઠસો રૂપિયા મળે છે, અને જે પોતાના ખર્ચને સારુ રૂ ૪૦ રાખી બાકીના બધા જાહેર કામમાં આપી દે છે. તેઓ પરણ્યા નથી અને પરણવા માગતા નથી.' આવા શબ્દોમાં ગોખલી મને તેમની ઓળખાણ કરાવી.

આજના દા. રૉયમાં અને ત્યારના પ્રો રોયમાં હું થોડો જ ભેદ જોઉં છું. જેવી જાતનો પોશાક ત્યારે પહેરતા તેવો જ લગભગ આજે છે. હા, આજે ખાદી છે; ત્યારે ખાદી તો નહોતી જ; સ્વદેશી મિલની બનાવટનાં કપડાં હશે. ગોખલેની અને પ્રો રોયની વાતો સાંભળતા હું તૃપ્ત જ ન થતો, કેમ કે તેમની દેશહિતને જ લાગતી હોય અથવા કોઈ જ્ઞાનવાર્તા હોય. કેટલીક વાતો દુઃખદ પણ હોય, કેમ કે તેમાં નેતાઓની ટીકા હોય. જેમને હું મહાન યોદ્ધા ગણતાં શીખ્યો હતો તેઓ નાન દેખાવા લાગ્યા.

ગોખલેની કામ કરવાની પદ્ધતિથી મને જેટલો આનંદ થયો તેટલું જ શીખવા મળ્યું. તેઓ પોતાની એક પણ ક્ષણ નકામી ન જવા દેતા. તેમના બધા સંબંધો દેશકાર્યને અંગે જ હતા એમ મેં અનુભવ્યું. બધી વાતો પણ દેશ કાર્ય ને ખાતર. વાતોમાં મેં ક્યાંયે મલિનતા. દંભ કે જૂઠ ન જોયાં. હિંદુસ્તાનની કંગાલિયત અને પરાધીનતા તેમને પ્રતિક્ષણ ખૂંચતી. અનેક માણસો તેમને અનેક બાબતોમાં સર્ લેવડાવવા આવે. તેમને એક જ જવાબ દેતાઃ ' તમે એ કામ કરો. મને મારું કરવા દો. મારે તો દેશની સ્વાધીનતા મેળવવી છે. તે મળ્યા પછી જ મને બીજું સૂઝશે. અત્યારે તો એ વ્યવસાયમાંથી મારીએ પાસે એક ક્ષણ પણ બાકી રહેતી નથી.'

રાનડે પ્રત્યેનો તેમનો પૂજ્યભાવ તો વાતવાતમાં જોઈ શકાય. 'રાનડે આમ કહેતા' એ તો એમની વાત ચીતમાં લગભગ 'સૂત ઉવાચ' જેવું હતું. હું હતો તે દરમ્યાન રાનડેની જયંતી (કે પુણ્યતિથિ એનું અત્યારે સ્મરણ નથી) આવતી હતી. ગોખલે તે હમેંશા પાળતા હોય તેમ લાગ્યું. તે વખતે મારા ઉપરાંત તેમના મિત્રો પ્રોફેસર કાથવટેઅને બીજા એક સબજજ ગૃહસ્થ હતા. એમને તેમણે જયંતી ઊજવવા નોતર્યા, અને તે પ્રસંગે તેમણે અમારી આગળ રાનડેના અનેક સ્મરનો કહ્યાં. રાનડે, તેલંગ અને મંડલિકની સરખામણી પણ કરી. તેલંગની ભાષાની સ્તુતિ કર્યાનું મને સ્મરણ છે. મંડલિકની સુધારક તરીકે સ્તુતિ કરી. પોતાના અસીલ પ્રત્યેની તેમની કાળજીમા દ્રષ્ટાંતમાં, રોજની ટ્રેન ચૂકી જવાથી પોતે સ્પેશિય ટ્રેન કીને કેવા ગયેલા, એ કિસ્સો સંભળાવ્યો. અને રાનડેની સર્વદેશી શક્તિનું વર્ણન કરી બતાવી, તે કાળના અગ્રણીઓમાં તેમની સર્વોપરિતા બતાવી. રાનડે માત્ર ન્યાયમૂર્તિ નહોતા. તેઓ ઈતિહાસકાર હતા, અર્થશાસ્ત્રી અહ્તા, સુધારક હતા. પોતે સરકારી જડ્જ હોવા છતાં પન મહાસભામાં પ્રેક્ષક તરીકે નીડર પણે હાજરી આપતા. તેમ તેમના ડહાપણ ઉપર બધાને એટલો વિશ્વાસ હતો કે , સહુ તેમના નિર્ણયોનો સ્વીકાર કરતા. આ વરાણ કરતાં ગોખલેના હર્ષનો કંઈ પાર ન રહેતો. (ક્રમશઃ)

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર

## પરીક્ષાઓની મોસમ પૂર્ણ થવામાં

# શિબિરોની શરૂઆતનાં પડઘમનો પ્રારંભ






ફાઈલ તસવીરો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં પરીક્ષાઓની મોસમ પૂર્ણ થવાની તૈયારીમાં છે એનાં પડઘમ વગાડતી શિબિરોની જાહેરખબરો શરૂ થઈ ગઈ છે.

શહેરમાં જેમ શૈક્ષણિક સત્રનો અનોખો મિજાજ છે એમ વૅકેશનમાં શિબિરોના માહોલનો પણ અલગ મિજાજ છે. જેમ શૈક્ષણિક શરૂ થવાનો સમય નજીકમાં છે એવું વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની જાહેરખબારોના માધ્યમથી જાણી શકાય છે એમ જ વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થવામાં છે અને વૅકેશન નજીક આવી રહ્યું છે એવી જાણ વિવિધ શિબિરોની જાહેરખબરના માધ્યમથી થઈ જાય છે. વાચકો જાણે છે તેમ ગાંધીનગરમાં વર્ષોથી ઉનાળુ શિબિરોનું મહત્ત્વ ખૂબ છે. શહેરના વિસ્તાર પ્રમાણે જોવા જઈએ તો ગુજરાતના કોઈ શહેરમાં ન યોજાતી હોય એટલી તાલીમ શિબિરો ગાંધીનગર શહેરમાં યોજવામાં આવે છે. આમાં કલા અંગેની તાલીમ શિબિરો અને મેદાની રમતોની તાલીમ શિબિરોનો સમાવેશ પણ થઈ જાય છે.

શિબિરોમાં વિષય નિષ્ણાતોને આમંત્રણ આપવામાં આવે છે અને શિબિરના અંતે મોટું પરફોર્મન્સ તાલીમાર્થીઓ દ્વારા જ પ્રસ્તુત કરવામાં આવે એવો ચાલ પણ ખરો. અલબત્ત, સ્પોર્ટ્સની શિબિરોનાં આવાં પરફોર્મન્સ થતાં નથી અને ઓછા દિવસો દરમિયાન યોજાતી શિબિરો પણ પરફોર્મન્સની જોગવાઈ રાખતી નથી.

શિબિરોના દિવસોમાં પણ વિવિધતા જોવા મળે છે. એક માસ કે તેથી વધુ સમયની શિબિરો અહીં રમતોની તાલીમ માટે જ યોજવામાં આવે છે. કલાની તાલીમ શિબિરો ૩ દિવસથી માંડીને ૧૨ દિવસ સુધીની પણ હોય છે. અમુક શિબિરો એવી હોય છે કે જેમાં તાલીમાર્થીઓ બધી જ કલાઓમાં ભાગ લઈ શકે છે તો મોટાભાગની શિબિરો એવી હોય છે કે તાલીમાર્થીને જે કલામાં રસ હોય તે એક જ કલાની તાલીમ સમગ્ર શિબિરના દિવસો દરમિયાન લઈ શકે છે. મોટાભાગની શિબિરો અહીં બાળકો માટે યોજાય છે. જોકે, હવે યોગની મહત્તા વધવાથી યોગના વર્ગો, તાલીમ શિબિરો પણ જોવા મળે છે, જેમાં દરેક વયના નાગરિકો ભાગ લઈ શકે છે.

અલબત્ત, શહેરમાં છેલ્લાં પાંચેક વર્ષથી ટ્રેકિંગ, સાહસિક પ્રવાસોમાં જવાનો ક્રમ શરૂ થયો છે, પરંતુ તેમ છતાં શિબિરોનો દબદબો યથાવત રહ્યો છે. એટલી મોટી સંખ્યામાં અહીં શિબિરો યોજાય છે અને એટલી મોટી સંખ્યામાં બાળકો, તાલીમાર્થીઓ આવી શિબિરોમાં ભાગ લે છે કે ગાંધીનગરાઓ વૅકેશનના અંત ભાગમાં તો એવુંય કહેતા હોય છે કે હવે તો શિબિરોનો થાક ઉતારવા માટે એક શિબિર રાખવો પડશે !

આત્મન્ ફાઉન્ડેશન, ઑસઍસવી કૅમ્પસ, જી ઈ ક્લબ, આર્ટ ઑફ લિવીંગ, યુથ હૉસ્ટેલ, નિસર્ગ સાયન્સ સૅન્ટર, સચિવાલય જીમખાનાની સમર વૅકેશન કૅમ્પની જાહેરખબરો ચાલુ થઈ ચૂકી છે ને આવી અન્ય સંસ્થાઓની જાહેરખબરો ટૂંક સમયમાં જોવા મળશે. સરવાળે, નગરમાં પરીક્ષાઓ પૂર્ણ થઈ રહી છે એ દેખાઈ રહ્યું છે ને શિબિરોની મોસમ આવી રહી છે એ વર્તાઈ રહ્યું છે.